# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, છ-૩"પરિણામ" સર્કલ પાસે,"છ"રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં : (૦૭૯)૨૩૨ ૫૮૯૮૦** WebSite : https://gpsc.gujarat.gov.in

## :: અગત્યની જાહેરાત ::

**નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.૪૨/૨૦૨૩-૨૪) ની મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારો માટે**

- **પરીક્ષાનો કાર્યક્રમ :-**

જા.ક્ર.૪૨/૨૦૨૩-૨૪, નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની મુખ્ય લેખિત પરીક્ષા કે જે તા.૨૮/૦૮/૨૦૨૪ થી તા.૩૧/૦૮/૨૦૨૪ દરમિયાન યોજાનાર હતી જે રાજ્યના વિવિધ વિસ્તારોમાં થયેલ અતિ ભારે વરસાદ અને તેના કારણે ઉદ્ભવેલ પરિસ્થિતિ તેમજ હવામાન ખાતાની ભારે વરસાદની આગાહીને ધ્યાને સદરહુ મુખ્ય લેખિત પરીક્ષા મોકૂફ રાખવામાં આવેલ હતી. **પ્રસ્તુત મુખ્ય લેખિત પરીક્ષા હવે નીચે દર્શાવેલ કાર્યક્રમ મુજબ અમદાવાદ અને ગાંધીનગર ખાતે યોજાશે.**

| તારીખ | સમય | પ્રશ્નપત્રનો ક્રમ | વિષય |
|---|---|---|---|
| તા.૦૮/૦૯/૨૦૨૪ | બપોરે ૩:૦૦ થી ૦૬:૦૦ | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા |
| તા.૦૯/૦૯/૨૦૨૪ | બપોરે ૩:૦૦ થી ૦૬:૦૦ | પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી ભાષા |
| તા.૧૦/૦૯/૨૦૨૪ | બપોરે ૩:૦૦ થી ૦૬:૦૦ | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય અભ્યાસ-૧ |
| તા.૧૧/૦૯/૨૦૨૪ | બપોરે ૩:૦૦ થી ૦૬:૦૦ | પ્રશ્નપત્ર-૪ | સામાન્ય અભ્યાસ-૨ |

- **પ્રવેશપત્ર (Call Letter) અંગેની સૂચના :-**

જે ઉમેદવારોએ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાના બાકી હોય તેઓએ હવે પ્રવેશપત્ર અને સૂચનાઓ https://gpsc-ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી લેવાના રહેશે. વધુમાં, પ્રસ્તુત મુખ્ય લેખિત પરીક્ષામાં ઉમેદવારોને અગાઉ ફાળવાયેલ પરીક્ષા-કેન્દ્રમાં કોઇ ફેરફાર ન હોઇ જૂની પરીક્ષા તારીખના પ્રવેશપત્ર અને સૂચનાઓ પણ માન્ય ગણાશે.

- **લહિયા/વળતર સમય મેળવવા અંગેની સૂચના :-**

લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માંગતા ઉમેદવારોએ જરૂરી આધાર/પૂરાવા/ દસ્તાવેજો સાથે આયોગને અરજી કરવાની રહેશે. પ્રસ્તુત મુખ્ય પરીક્ષા માટે જે ઉમેદવારોને અગાઉ લહિયા/વળતર સમયની સુવિધા આયોગ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તેઓએ પુન: અરજી કરવાની રહેશે નહીં.

**તા.૦૨/૦૯/૨૦૨૪**